શ્લોક-૧

મજ્જત્યજ્ઞઃ કિલાજ્ઞાને, વિષ્ટાયામિવ શૂકરઃ।
જ્ઞાની નિમજ્જતિ જ્ઞાને, મરાલ ઇવ માનસે ॥૫-૧

શબ્દાર્થ: મજ્જતિ = ડૂબવું, અજ્ઞ = અજ્ઞાની, શૂકર = ભૂંડ,
નિમજ્જતિ = મશગૂલ બનવું, મરાલ = હંસ

શ્લોકાર્થ: જેમ ભૂંડ વિષ્ટામાં મગ્ન બને છે તેમ અજ્ઞાની ખરેખર અજ્ઞાનમાં મગ્ન બને છે. જેમ હંસ માનસરોવરમાં અત્યંત મશગૂલ બને છે તેમ જ્ઞાની પુરુષ જ્ઞાનમાં લીન બને છે.

ભાવાર્થ:

મિથ્યાત્વ મોહનીયનો ઉદય હોય તો પણ અભવ્ય જીવો નવપૂર્વ સુધીનું જ્ઞાન ધરાવે છે, પણ મિથ્યાત્વને લીધે તે જ્ઞાન નહિ પણ કુજ્ઞાન છે.

સમ્યગ્દર્શન પૂર્વકનું જ્ઞાન હોવાથી આત્માના શુધ્ધ એવા સ્વ-સ્વરૂપનો ઉપાદેય (આદરવા લાયક) અને પરભાવને હેય (છોડવા લાયક) કહેવાય છે.

તે જ્ઞાન જ ન કહેવાય કે જે જ્ઞાન હોવા છતાં કષાયો ઓછા કરતા હોય. આ કારણથી તત્ત્વનો સાચો બોધ જે કરાવે તેને જ જ્ઞાન (સમ્યગ્જ્ઞાન) કહેવાય છે.

જે આત્માઓ સ્વભાવદશા અને વિભાવદશાનો ભેદ કરી શકતા નહિ તેવા આત્માઓ અજ્ઞાની કહેવાય છે. અજ્ઞાની એ આત્મા યથાર્થ બોધથી રહિત છે તે આત્મા મિથ્યાજ્ઞાનમાં જ મગ્ન બને છે. જેમ ભૂંડ (શૂકર) વિષ્ટામાં આનંદ માણે છે તેમ અજ્ઞાની પાંચ ઇન્દ્રિયોના વિષયરૂપ પદાર્થોમાં જ રાચતા-માણતા રહે છે. પાંચે ઇન્દ્રિયોના વિષયો પરપદાર્થ છે, આપણું સ્વરૂપ નથી.

જ્ઞાની શ્વાસોશ્વાસમાં કર્મનો છેદ [ ૭૦ લાખ ૫૬ હજાર ક્રોડ વર્ષ ]
પૂર્વ ક્રોડી વર્ષા લગી અજ્ઞાની કરે તેહ

ઉપરના શ્લોકનો અર્થ એ છે કે અજ્ઞાની પૂર્વ ક્રોડ વર્ષ સુધી તપ, જપ વગેરે સાધના કરીને જેટલા કર્મ ખપાવે તેટલા કર્મ જ્ઞાની માત્ર એક શ્વાસોશ્વાસમાં ખપાવે.

જેમ મરાલ એટલે કે રાજહંસ માનસરોવરમાં જ ક્રીડા કરે છે તેમ જ્ઞાની, જ્ઞાનની મસ્તીમાં આનંદ કરે છે. આત્માના સ્વભાવનો પ્રગટ કરે તે જ સાચું જ્ઞાન છે. માટે જ "જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષ:" કહ્યું છે. જ્ઞાન તમામ ક્રિયામાં ભળવું જોઈએ તો જ જ્ઞાન નિર્જરાનું કારણ બને. મનુષ્યભવ આત્માને ઓળખવા માટે જ છે. બાકી બધા ભવોમાં પુદ્ગલોનો તો ભોગવટા જ કરેલ છે. જ્યાં સુધી આત્મગુણોને નહિ ભોગવે ત્યાં સુધી પુદ્ગલના ભોગ ચાલુ રહેશે.

અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વનો ઉદય આપણા આત્માને પ્રસન્ન બનવા દેતો નથી, કારણકે આપણને હજુ પરમાત્મા ગમ્યા જ નથી માત્ર પ્રતિમા જ ગમી છે. સર્વજ્ઞનું બહુમાન એ સત્તામાં (આત્મામાં) રહેલા સર્વજ્ઞનું જ બહુમાન છે. અભવ્યને મોહનો ક્ષય થતો નથી કારણકે મોહનો ઉદય હોય તો ગુણ પ્રગટે માટે તે પ્રથમ ગુણસ્થાનકથી આગળ જતો નથી. માત્ર પુણ્યબંધ જ કરે છે. ક્રિયા પરમાત્માની માફક કરે છે પણ વૃત્તિ ઇચ્છા મોહજન્ય જ હોય છે માટે તેનો મોક્ષ થતો નથી.

"મા રુષ ... મા તુષ" એટલે
"તું રાગ ન કર ... દ્વેષ ન કર" ૧૨ વર્ષ સુધી માસતુષમુનિએ એકજ પદ વિચાર્યું અને સતત રટણ કર્યું; અને કેવળજ્ઞાન પ્રગટ કર્યું.

જ્યારે તાવ આવે અને ઠંડી લાગે ત્યારે ધાબળો ઓઢવો સારો લાગે, પણ જ્યારે તાવ જતો રહે, શરીર સ્વસ્થ હોય ત્યારે એ જ ધાબળો (Blanket) અકળામણ કરાવે છે, એને દૂર કરીએ છીએ. તેજ રીતે જીવ જ્યારે પરમાં જાય છે ત્યારે શરૂઆતમાં તેની હૂંફ ગમે છે પણ જીવ જ્યારે પાછો સ્વમાં (સ્વભાવમાં) જાય છે ત્યારે પરની હૂંફ એને અકળાવનારી લાગે છે.

આત્માને આત્માના ગુણોના સ્વરૂપની પ્રાપ્તિ ન હોય ત્યાં સુધી અભોજ્ય વસ્તુમાં જ તેને આનંદ આવશે. આ જ વસ્તુ સમજ્યા પછી ઇન્દ્રિય પરાયણતા હટાવી સવળે માર્ગે ચાલશે.

શ્રીમાન મુનિ પોતાના જ્ઞાનમાં - ધ્યાનમાં સદા મસ્ત રહેતા. એક વાર ગોચરી લેવા ગયા ત્યારે પણ જ્ઞાનની ધૂનમાં જ હતા. શ્રાવકનો ખબર પડી કે ગુરુજી જ્ઞાનમાં ખોવાયેલા છે. ગભરાટમાં શ્રાવકે પથરા વહોરાવ્યા તો પણ ખબર ન પડી. જ્ઞાનની આવી મસ્તી આવી જાય તો જીવ આત્મસ્વભાવમાં કેવો ડૂબ્યો હશે?

<u>સુવાક્ય</u>: "સ્વ"માં વસ, "પર"થી ખસ, આટલું "બસ".

શ્લોક-૨:

નિર્વાણપદમપ્યેકં ભાવ્યતે યન્મુહુર્મુહુઃ
તદેવ જ્ઞાન મુત્કૃષ્ટં, નિર્બન્ધો નાસ્તિ ભૂયસા (૫-૨)

શબ્દાર્થ: નિર્વાણ = મોક્ષ, પદમ્ = પદ, ભાવ્યતે = ભાવના, વિચારવું.
યન્મુહુર્મુહુઃ = વારંવાર, નિર્બન્ધો = આગ્રહ, ભૂયસા = ઘણું, વધારે.

શ્લોકાર્થ: મોક્ષની (નિર્વાણની) પ્રાપ્તિના કારણભૂત એવું એકપણ પદ (સુવાક્ય) વારંવાર વિચારાય તે જ જ્ઞાન ઉત્કૃષ્ટ (શ્રેષ્ઠ) છે. ઘણા જ્ઞાન માટે આગ્રહ નથી. (ઘણું ભણવાનો આગ્રહ નથી.)

ભાવાર્થ:

શંકા નિર્વાણ અને મરણ વચ્ચે શું તફાવત છે?

સમાધાન મરણ પામે તો જન્મે જ. મરણ એ વિયોગ છે પણ સંયોગવાળું છે ફરીથી જન્મ લેવો છે. જ્યારે નિર્વાણ એટલે આત્મા દેહથી સદા છૂટી જાય. નિર્વાણ થવાથી ભવ કાયમ માટે બુઝાઈ જાય છે. બળેલા અંકુર ફરીથી ઊગવાના નથી. (મોક્ષ) કર્મસંયોગરૂપ સંસારનો કાયમ માટે ત્યાગ એનું નામ નિર્વાણ. ઘણા શાસ્ત્રોના અભ્યાસ કરવાની જરૂર નથી, એકાદ ગ્રંથનું ઊંડાણથી અધ્યયન કરો, ચિત્તમાં વારંવાર એનું ચિંતન કરો. મુક્તિ તરફ લઈ જનારું એક પણ ચિંતન ઉત્કૃષ્ટ જ્ઞાન બને છે.

એક હજાર શાસ્ત્રજ્ઞાની કરતા એક આત્મજ્ઞાની ચઢિયાતો છે. લંબાઈ-પહોળાઈ કરતા ઊંચાઈ મહત્ત્વની છે. ઊંચાઈ કરતા ઊંડાણ મહત્ત્વનું છે.

શાસ્ત્રજ્ઞાની પાસે જ્ઞાનની વ્યાપકતા, આત્મજ્ઞાની કરતાં વધુ હોઈ શકે પણ ઊંડાણ આત્મજ્ઞાની પાસે હોય છે.

માસતુષ મુનિને ગુરુમહારાજે નિર્વાણસાધક એક પદ આપ્યું.

શ્લોક-૩

સ્વભાવલાભ સંસ્કાર, કારણં જ્ઞાનમિષ્યતે
ધ્યાન્ધ્યમાત્રમતસ્ત્વન્યત્ તથા ચોક્તં મહાત્મના ૫-૩

શબ્દાર્થ: ધ્યાન્ધ્યમ = ધિ + આન્ધ્યમ્, ધિ = બુદ્ધિ, આન્ધ્યમ્ = આંધળાપો
ચોક્તં = ચ + ઉક્તં, ઉક્તં = કહ્યું છે. ઈષ્યતે = ઈચ્છ છે, ઈચ્છાય છે

શ્લોકાર્થ: આત્માના શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિના સંસ્કારનું કારણ બને તેને જ જ્ઞાન કહેવાય છે (તેવું જ્ઞાન ઈચ્છાય છે). આનાથી અન્ય જ્ઞાન હોય તે બુદ્ધિનું આંધળાપણું (આંધળાપો) છે. અન્ય શાસ્ત્રોમાં મહાત્મા પુરુષોએ કહ્યું છે.

ભાવાર્થ:

શંકા: "સ્વભાવ" એટલે શું?

સમાધાન: અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અવ્યાબાધ સુખ અને અનંત વીર્ય વગેરે અનંત ગુણાત્મક અને અનંત પર્યાયાત્મક એવું આત્માનું જે સ્વરૂપ છે તેને સ્વભાવ કહે છે.

શંકા: સંસ્કાર એટલે શું?

સમાધાન: સંસ્કાર એટલે વાસના. પૂર્વે જે વિષયનો અનુભવ કર્યો હોય. તે અનુભવેલા વિષયની હૃદયગત જે વાસના છે તેને સંસ્કાર કહેવાય છે. બાળકને સ્તનપાન કરવા શીખવાડવું પડતું નથી. તે પૂર્વભવના આહારની વાસના છે. સર્પનો ડર પણ પૂર્વભવની વાસના અથવા સંસ્કાર છે.

જે જ્ઞાન પ્રાપ્ત કરવાથી આત્માના ગુણોનો વિકાસ ન થાય અને ભોગબુદ્ધિ વધે તે જ્ઞાનને બુદ્ધિનો આંધળાપો કહેવાય છે. વાસના એને કહેવાય કે જે વિષયની વાસના જાગી ... તેના જ વિચારો અને તેને જ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ જીવ કરતો રહે. જેને સ્ત્રીની વાસના જાગી તેને સ્ત્રીના જ વિચારો આવવાના. દા.ત. અલ્લાઉદ્દીન ખિલજી ને પદ્માવતીને ભોગવવાની વાસના જાગી.

પરિણામ?

શ્લોક - ૪

વાદાંશ્ચ પ્રતિવાદાંશ્ચ, વદન્તોઽનિશ્ચિતાંસ્તથા
તત્ત્વાન્તં નૈવ ગચ્છન્તિ, તિલપીલકવદ્ ગતૌ ૫-૪

શબ્દાર્થ: વાદમ્ = વાદ, પ્રતિવાદમ્ = પ્રતિવાદ, વદન્તો = કહેતા
તત્ત્વાન્તં = તત્ત્વનો સાર, તિલ પીલ કવદ્ = તલ પીલનારા બળદની જેમ

શ્લોકાર્થ: જેમાં પદાર્થનું સ્વરૂપ નિશ્ચિત નથી એવા પ્રકારના વાદ (પૂર્વપક્ષ) અને પ્રતિવાદ (ઉત્તરપક્ષ) કરનારા જીવો ગમન કરવામાં તલ પીલનારા (ઘાંચીના) બળદની જેમ તત્ત્વના પારને પામતા નથી.

ભાવાર્થ:

શંકા: વાદ અને પ્રતિવાદ એટલે શું?

સમાધાન: પ્રશ્ન પૂછવા રૂપે જે બોલવું તે વાદ અને ઉત્તર આપવા રૂપે જે બોલવું તે પ્રતિવાદ. પ્રથમ વાત રજૂ કરે તે વાદી કહેવાય છે અને વાદીએ રજૂ કરેલી વાતનો ઉત્તર આપી અથવા પોતાની વાતનો બચાવ કરે તે પ્રતિવાદી કહેવાય છે.

આ વાદ-વિવાદ કેવા હોય છે? તેનો ઉત્તર આપતા ગ્રંથકારશ્રી જણાવે છે કે માત્ર તર્ક-વિતર્ક કરીને પોતાના વિચાર માટે અને પરના પરાભવ માટે જ પ્રયત્ન કરાય છે. પદાર્થનું સ્વરૂપ જેમાં નિશ્ચિત નથી એવા અનિશ્ચિત પદાર્થના સ્વરૂપવાળા વાદવિવાદ કરતા આત્માઓ તત્ત્વના સારને પામતા નથી. જેમ તલ પીલનારો ઘાંચીનો બળદ આખો દિવસ ફર્યા કરે છતાં ત્યાં નો ત્યાં જ રહે છે.

જો આત્મા જ્ઞાનમાં ડૂબે તો આનંદ માણે અને જ્ઞેયમાં ડૂબે તો આનંદને ગુમાવે. પરના જ્ઞાતા બનીને સ્વને અનુભવવાનું છે. સ્વના જ્ઞેયનો જ્ઞાતા બને ત્યારે મોહનો વિચ્છેદ થાય છે, ઇન્દ્રભૂતિ ભગવાન સાથે વાદ-વિવાદ કરવા ગયા પરંતુ ભગવાન પાસેથી સત્ય સમજી ગયા, અને સમર્પિત થઈ વાદ નો ગણધરવાદ બની ગયો. ગૌતમ સ્વામી પ્રભુ પાસેથી સમાધાન મેળવી તરી ગયા.